
Make Safety Your Top Priority
Application for KSB Make Fire Fighting Pumps
Industries & Factories
Commercial & Residential Buildings
Hospitals, Hotels, Malls, Schools & Colleges
Pooja Agencies
'POOJA HOUSE' 2/860, RING ROAD, OPP. SUB-JAIL, SURAT-395002. GUJARAT
Phone :-+91-261-2313450/2328450
E-mail: Surat @poojagroup.com



# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપનાઃ૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા



ભાવ, વજન અને ક્વોલીટી માટે
મીલ માન્ય માત્ર એક જ ઑથોરાઈઝડ, સ્ટોકીસ્ટ :
એમ. લોખંડવાળા એન્ડ કાું.
તીલક મેદાન, વસંત ટોકીઝની ગલી, બેગમપુરા, સુરત. ફોનઃ ૨૪૨૬૫૯૨, મો. ૯૯૭૮૯૭૭૬૨૦

HY-TUF® TMT/QST બાર્સ
✓ અણિશુધ્ધ ગુણવત્તા અતૂટ વિશ્વાસ
✓ ઈન્ડિયન તેમજ ઈન્ટરનેશનલ સ્ટાન્ડર્ડ મુજબ
✓ ભુકંપ પીડિત ક્ષેત્રોને લગતા યુરોપિયન કમીશનના કડક ધારાધોરણો અનુસાર
THERMEX® | ISO 9001 | UKAS | Licence of BIS conforming to IS 1786 : 2008 CML-7415771
નોંધઃ અમારી કોઈ શાખા, બુકીંગ ઓફીસ કે ગોડાઉન અન્યત્ર નથી



માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ I e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૧ * * * સંવત ૨૦૮૦ અષાઢ વદ બારસ ગુરુવાર ૧ ઓગસ્ટ, ૨૦૨૪ * * * દૈનિક : ૮૭ - અંક : ૨૨૧

પાનાં ૧૨+૪ કિંમત ₹ ૫.૦૦


### ઈઝરાયેલે હવાઈ હુમલો કર્યાની શંકા, સંઘર્ષમાં વધારો થવાની ભીતિ

# ઈરાનમાં હમાસના નેતાનું હવાઈ હુમલામાં મોત



**ઈરાનના** સર્વોચ્ચ નેતાએ ઈઝરાયેલ સામે બદલો લેવાની પ્રતિજ્ઞા લીધી,

7 ઓક્ટોબરના હુમલા બાદ ઈઝરાયલે ઇસ્માઇલ હનીયેહને મારવાની પ્રતિજ્ઞા લીધી હતી

બેરૂત, તા. 31 (એપી): હમાસના નેતા ઈસ્માઈલ હનીયેહનું બુધવારે ઈરાનની રાજધાનીમાં વહેલી સવારના કરાયેલા હવાઈ હુમલામાં મૃત્યુ થયું હતું, ઈરાન અને આતંકવાદી જૂથે જણાવ્યું હતું કે આઘાતજનક હત્યા માટે ઈઝરાયેલને દોષી ઠેરવવામાં આવ્યું હતું. અમેરિકા અને અન્ય દેશો જ્યારે પ્રાદેશિક યુદ્ધને રોકવા માટે પ્રયાસો કરી રહ્યા છે ત્યારે આ હત્યાથી સંઘર્ષમાં વધારો થવાનું જોખમ છે. ઈરાનના સર્વોચ્ચ નેતાએ ઈઝરાયેલ સામે બદલો લેવાની પ્રતિજ્ઞા લીધી હતી.

ઈઝરાયેલ તરફથી તાત્કાલિક કોઈ ટિપ્પણી કરવામાં આવી ન હતી, જેણે દક્ષિણ ઈઝરાયેલ પર ઓક્ટોબર 7ના રોજ જૂથના હુમલા બદલ હનીયેહ અને અન્ય હમાસ નેતાઓને મારવાની પ્રતિજ્ઞા લીધી હતી.

તે હુમલામાં પેલેસ્ટિનિયન ત્રાસવાદી જૂથે 1,200 લોકોની હત્યા કરી હતી અને 250 લોકોને બંધક બનાવ્યા હતા. હનીયેહ તેહરાનમાં ઈરાનના નવા પ્રમુખના ઉદઘાટનમાં હાજરી આપી હતી ત્યાર બાદ અને ઈઝરાયેલે લેબનોનની રાજધાની બેરૂતમાં ઈરાનના સાથી હિઝબુલ્લાહના ટોચના કમાન્ડરને નિશાન બનાવ્યા હતા તેના થોડા કલાકો પછી આ હુમલો થયો હતો.

હમાસના ટોચના રાજકીય નેતાની નાટકીય હત્યાએ સમગ્ર પ્રદેશના આંતરિક સંઘર્ષોમાં વધારો થવાનું જોખમ ઉભું થયું છે. જો ઈરાન બદલો લે તો તેહરાનમાં હુમલો ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે સીધું યુદ્ધ થઈ શકે છે.

ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લા અલી ખમેનીએ તેમની સત્તાવાર વેબસાઈટ પર કહ્યું હતું 'અમે તેનો બદલો લેવાની અમારી ફરજ માનીએ છીએ.'

હનીયેહની હત્યાના પગલે હમાસ યુદ્ધ વિરામ અને બંધકોને મુક્ત કરવાના સોદા માટેના વાટાઘાટને બંધ કરી શકે છે.

## નિશાન બનાવીને હત્યા કરવાનો ઈઝરાયેલનો લાંબો ઈતિહાસ છે

જેરૂસલેમ, તા. 31 (એપી): બેરૂત અને તેહરાનમાં ત્રાસવાદી નેતાઓ પર ઈઝરાયેલના હુમલાઓએ ક્ષેત્રમાં તણાવ વધાર્યો છે, સાથે જ ઈઝરાયેલ દ્વારા નિશાન બનાવીને કરાયેલી હત્યાઓની યાદીમાં ઉમેરો કર્યો છે. અહીં અમુક હુમલાઓ છે જેમા ઈઝરાયેલે નિશાન બનાવીને હત્યા કરી હતીઃ

જુલાઈ 2024: ગીચ દક્ષિણી ગાઝા પટ્ટીમાં મોટો હુમલો કરી ઈઝરાયેલે હમાસના સંદિગ્ધ સૈન્ય કમાન્ડર મોહમ્મદ દીફની હત્યા કરી હતી, આ હુમલામાં બાળકો સહિત 90 લોકો માર્યા ગયા હતા.

એપ્રિલ 2024: સીરિયામાં ઈરાનના દૂતાવાસ પર થયેલા હુમલામાં ઈરાનના બે જનરલનાં મૃત્યુ થયાં હતા, ઈરાને કહ્યું હતું આ હુમલો ઈઝરાયેલે કર્યો હતો.

જાન્યુઆરી 2024: બેરૂતમાં ઈઝરાયેલના એક ડ્રોને હુમલો કર્યો હતો જેમાં હમાસના ટોચના અધિકારી સલેહ અરોરીનું મૃત્યુ થયું હતું.

ડિસેમ્બર 2023: દમાસકસની બહાર એક ડ્રોન હુમલામાં સૈયદ રાઝી મોસાવીનું મૃત્યુ થયું હતું



હમાસના વડા ઇસ્માઇલ હનિયેહની હત્યાના વિરોધમાં સેંકડો લોકોએ કબજા હેઠળના વેસ્ટ બેંક તેમજ લેબનોન અને ઈરાનમાં કૂચ કરી છે.

...અનુસંધાન પાના 11 પર




### અભિનેતામાંથી નેતા બનેલા સની દેઓલ સામેની ફરિયાદની ફાઇલ જ ગાયબ થઈ ગઈ!

પાંચ વર્ષ પહેલાં જ્યારે સિને-સ્ટારમાંથી રાજકારણી બનેલા સની દેઓલે પંજાબના ગુરદાસપુરથી લોકસભાની ચૂંટણી લડી હતી ત્યારે તેમણે ચૂંટણી ખર્ચ તરીકે રૂ.78 લાખનો ખર્ચ કર્યો હતો ભારતના ચૂંટણી પંચ (ઈસીઆઈ) દ્વારા પૂરી પાડવામાં આવેલ રૂ. 70 લાખની નિર્ધારિત મર્યાદા હતી. આ લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, 1951ની કલમ 123 (6) હેઠળ કથિત ભ્રષ્ટાચાર સમાન છે. અધિનિયમની કલમ 8 (એ) મુજબ, આવા કેસમાં સાંસદને ગેરલાયક ઠેરવી શકાય છે. કોંગ્રેસના નેતા દ્વારા જિલ્લા ચૂંટણી અધિકારી-કમ-ડેપ્યુટી કમિશનર અને મુખ્ય ચૂંટણી કચેરીને ફરિયાદ કરવામાં આવી હતી. આ બાબત નવી દિલ્હીમાં ઈસીઆઈના ધ્યાન પર પણ લાવવામાં આવી હતી. જોકે, રસપ્રદ વાત એ છે કે, દેઓલ આ ચૂંટણીલક્ષી ભ્રષ્ટાચાર માટે સંબંધિત કાયદા હેઠળ ગેરલાયક ઠર્યા અને સજા થવાથી બચી ગયા. દિલ્હીથી ગુરદાસપુર સુધી વિવિધ સ્તરે કરવામાં આવેલી પૂછપરછમાં રસપ્રદ રીતે જાણવા મળ્યું કે ફરિયાદ સંબંધિત ફાઇલ ક્યાં

...અનુસંધાન પાના 11 પર

## ઠાકુર ભાષણ વિવાદ: કોંગ્રેસ સાંસદે વડા પ્રધાન સામે વિશેષાધિકાર નોટિસ દાખલ કરી

**ભાજપે** કહ્યું રાહુલ હંમેશાં અન્યોની જાતિ પૂછતા હોય છે



નવી દિલ્હી, તા. 31 (પીટીઆઈ): બુધવારે લોકસભામાં ભાજપના સાંસદ અનુરાગ ઠાકુરની ટિપ્પણી પર વિવાદ વધી ગયો હતો જ્યારે કોંગ્રેસે એક્સ પર એક વીડિયો પોસ્ટ કરવા બદલ વડા પ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ વિશેષાધિકાર પ્રસ્તાવ લાવવા માટે નોટિસ સબમિટ કરી હતી જેમાં કથિત રીતે ઠાકુરના ભાષણના કાઢી નાખવામાં આવેલા ભાગો પણ હતા.

મંગળવારે કેન્દ્રીય બજેટ પર ચર્ચા દરમિયાન, જેની જાતિ જાણીતી નથી તે જાતિની વસ્તી ગણતરી વિશે વાત કરે છે', એ નિવેદને હોબાળો મચાવ્યો હતો, વિરોધ પક્ષે દેખીતી રીતે રાહુલ ગાંધી પર નિર્દેશિત ટિપ્પણીને 'સંવેદનહીન' ગણાવી હતી.

ભાજપે કોંગ્રેસ પર વળતો પ્રહાર કરતા કહ્યું કે રાહુલની જાતિ વિશે પૂછવામાં ખોટું શું છે કારણ કે તેઓ સરકારી અધિકારીઓ, ન્યાયાધીશો, સૈનિકો અને પત્રકારો સહિત અન્ય લોકોની જાતિ વિશે પૂછતા હતા.

તે જ સમયે, શાસક પક્ષે ભારપૂર્વક જણાવ્યું હતું કે ઠાકુરે કોઈનું નામ લીધું નથી અને આશ્ચર્ય વ્યક્ત કર્યું કે શા માટે વિરોધ પક્ષના નેતાએ નારાજગી વ્યક્ત કરી તે નિવેદનને તેમનું અપમાન કહ્યું.

'તમે જાતિની વસ્તી ગણતરીની માંગ કરી રહ્યા છો. જો લોકસભામાં જાતિ વિશે પૂછવું એ અપમાન છે, તો દેશમાં જાતિની વસ્તી ગણતરી કેવી રીતે થઈ શકે? ગણતરી કેવી રીતે થશે?'' પાર્ટીના સાંસદ અને રાષ્ટ્રીય પ્રવક્તા સાંબિત પાત્રાએ કહ્યું હતું.

ઠાકુરની કેટલીક ટિપ્પણીઓને કાર્યવાહીમાંથી હટાવી દેવામાં આવી હતી, પરંતુ ચર્ચા દરમિયાન રાહુલની જાતિનો તેમનો સ્પષ્ટ સંદર્ભ નહોતો.

લોકસભામાં કોંગ્રેસના દલિત સાંસદ ચરણજિત સિંહ ચન્નીએ સ્પીકર ઓમ બિરલાને નોટિસ સબમિટ કરીને વડા પ્રધાન વિરુદ્ધ કાર્યવાહીના નિયમોના નિયમ 222 હેઠળ વિશેષાધિકાર પ્રસ્તાવ લાવવાની માંગ કરી હતી.

## 23 જુલાઈથી કેન્દ્ર સરકારે કેરળને કેટલીક ચેતવણીઓ મોકલી હતી: અમિત શાહે વાયનાડ ભૂસ્ખલન અંગે કહ્યું

**મોદી** સરકાર કુદરતી હોનારતની આ ઘડીમાં કેરળ સરકાર અને રાજ્યના લોકો સાથે ખડકની જેમ ઉભી છે: અમિત શાહ





નવી દિલ્હી, તા. 31 (પીટીઆઈ): કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે બુધવારે જણાવ્યું હતું કે કેન્દ્રએ સંભવિત પૂર અને ભૂસ્ખલન અંગે કેરળ સરકારને 23 જુલાઈથી કેટલીક આગોતરી ચેતવણીઓ મોકલી હતી અને તે જ દિવસે એનડીઆરએફની નવ ટીમોને રાજ્યમાં રવાના કરવામાં આવી હતી.

જો કે, કેરળ સરકારે આગોતરી ચેતવણીઓ પર ધ્યાન આપ્યું ન હતું અને નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એનડીઆરએફ) બટાલિયન રાજ્યમાં આવી તેનાથી પણ એલર્ટ થઈ ન હતી, એમ શાહે રાજ્યસભામાં વાયનાડ ભૂસ્ખલન આપદા મુદ્દે ઠરાવમાં જણાવ્યું હતું કે.

શાહે ગૃહને ખાતરી આપી હતી કે નરેન્દ્ર મોદી સરકાર કુદરતી હોનારતની આ ઘડીમાં કેરળ સરકાર અને રાજ્યના લોકો સાથે ખડકની જેમ ઉભી છે. તેમણે કેન્દ્ર સરકાર તરફથી તમામ મદદનું વચન પણ આપ્યું હતું.

વાયનાડ જેવી કુદરતી આફતો માટે વહેલી ચેતવણી પદ્ધતિના અભાવને કારણે જાનહાનિ થઈ હતી એમ વિરોધ પક્ષોના દાવાઓના જવાબમાં ગૃહ મંત્રીએ ઉપરોક્ત નિવેદન કર્યું હતું. 'આક્ષેપો કરવામાં આવ્યા હતા, મારે અહીં ગૃહ દ્વારા સમગ્ર રાષ્ટ્રને સ્પષ્ટ કરવાની જરૂર છે. તેઓ પ્રારંભિક ચેતવણી, વહેલી ચેતવણી કહેતા રહ્યા. હું સ્પષ્ટ કરવા માંગુ છું 23 જુલાઈના રોજ, કેરળ સરકારને કેન્દ્ર સરકાર દ્વારા પ્રારંભિક ચેતવણી આપવામાં આવી હતી', એમ શાહે ભારપૂર્વક જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, 'સાત દિવસ પહેલા 23 જુલાઈએ, પછી ફરીથી 24 જુલાઈ અને 25 જુલાઈએ ભારે વરસાદ અને ભસ્ખલનની ચેતવણી આપવામાં આવી હતી.

**કેરળના મુખ્યમંત્રી પિનારાયીનો વળતો હુમલો**

દરમિયાન કેરળના મુખ્યમંત્રી પિનારાયી વિજયને અમિત શાહ

...અનુસંધાન પાના 11 પર

## ગડકરીએ નાણા મંત્રીને જીવન અને મેડિકલ વીમા પ્રિમિયમ પરથી 18 ટકા જીએસટી હટાવવાની માગ કરી

**જીવન** વીમા પ્રીમીયમ પર જીએસટી વસૂલવું એ જીવનની અનિશ્ચિતતાઓ પર કર વસૂલવા સમાન છે: ગડકરી



નવી દિલ્હી, તા. 31 (પીટીઆઈ): કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ નાણામંત્રી નિર્મલા સીતારમણને જીવન અને મેડિકલ વીમા પ્રીમીયમ પર 18 ટકા માલ અને સેવા કર (જીએસટી) પાછો ખેંચવા વિનંતી કરી છે.

નાણા મંત્રીને લખેલા પત્રમાં, ગડકરીએ નાગપુર ડિવિઝન લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન એમ્પ્લોઈઝ યુનિયનની ચિંતા વ્યક્ત કરી હતી, જેણે ગડકરીને વીમા ઉદ્યોગના મુદ્દાઓ અંગે એક મેમોરેન્ડમ સુપરત કર્યું હતું.

મેમોનો ઉલ્લેખ કરતાં મંત્રીએ કહ્યું હતું કે, 'જીવન વીમા પ્રિમીયમ પર જીએસટી વસૂલવું એ જીવનની અનિશ્ચિતતાઓ પર કર વસૂલવા સમાન છે. યુનિયનને લાગે છે કે જે વ્યક્તિ પરિવારને રક્ષણ આપવા માટે જીવનની અનિશ્ચિતતાના જોખમને આવરી લે છે તેના પર આ જોખમ સામે કવર ખરીદવા માટેના પ્રીમિયમ પર કર વસૂલવો જોઈએ નહીં.

યુનિયન દ્વારા ઉઠાવવામાં આવેલો મુખ્ય મુદ્દો જીવન અને મેડિકલ વીમા પ્રિમીયમ પર જીએસટી પાછો ખેંચવા સંબંધિત છે, વધુમાં તેમણે ઉમેર્યું હતું.

ગડકરીએ સાથે જ ધ્યાન દોર્યું હતું કે યુનિયને જીવન વીમા દ્વારા બચત પર અલગ રીતે વ્યવહાર કરવા પર, આરોગ્ય વીમા પ્રીમીયમ માટે આવકવેરા કપાતને ફરીથી લાવવા અને જાહેર ક્ષેત્રની સામાન્ય વીમા કંપનીઓના એકત્રીકરણને લગતા મુદ્દાઓ પણ ઉઠાવ્યા હતા.

...અનુસંધાન પાના 11 પર

## UPSCએ IASમાંથી પૂજા ખેડકરની ઉમેદવારી રદ કરી, ભવિષ્યના તમામ સિલેક્શનમાંથી પ્રતિબંધિત કરી

**પૂજા** ખેડકરે સીએસઈ પરીક્ષા આપવા માટે ઉમેદવારને આપવામાં આવેલા પ્રયાસોની સંખ્યાથી વધુ વખત પરીક્ષા આપી હતી



નવી દિલ્હી, તા. 31 (પીટીઆઈ): યુપીએસસીએ બુધવારે જણાવ્યું હતું કે તેણે પ્રોબેશનરી આઈએએસ અધિકારી પૂજા ખેડકરની કામચલાઉ ઉમેદવારી રદ કરી છે અને તેને ભવિષ્યની તમામ પરીક્ષાઓ અથવા સિલેક્શનમાંથી પ્રતિબંધિત કરી છે.

'યુપીએસસીએ ઉપલબ્ધ રેકોર્ડની કાળજીપૂર્વક તપાસ કરી છે અને સીએસઈ-2022 નિયમોની જોગવાઈઓનો ભંગ કરવા બદલ તેને દોષિત ઠેરવી છે', એમ યુનિયન પબ્લિક સર્વિસ કમિશને (યુપીએસસી) એક નિવેદનમાં જણાવ્યું હતું.

તેમાં કહેવામાં આવ્યું છે કે સીએસઈ-2022 (સિવિલ સર્વિસિસ એક્ઝામિનેશન-2022) માટે 2023 બેચની પ્રોબેશનરી આઈએએસ અધિકારીની કામચલાઉ ઉમેદવારી 'રદ' કરવામાં આવી છે અને તેને યુપીએસસી દ્વારા આયોજિત તમામ ભવિષ્યની પરીક્ષાઓ અથવા પસંદગીઓમાંથી કાયમ માટે પ્રતિબંધિત કરવામાં આવી છે.

કમિશને જણાવ્યું હતું કે છેલ્લા 15 વર્ષમાં ખેડકરનો આ એકલો કેસ છે જ્યાં તે શોધી શક્યું નથી કે ઉમેદવારે સીએસઈ પરીક્ષા આપવા માટે ઉમેદવારને આપવામાં આવેલા પ્રયાસોની સંખ્યાથી વધુ વખત પરીક્ષા આપી હતી. તેનું મુખ્ય કારણે એ છે કે તેણે માત્ર તેનું નામ બદલ્યું ન હતું પણ તેના માતા-પિતાનું નામ પણ બદલ્યું હતું.

કમિશને જણાવ્યું હતું કે પૂજા મનોરમા દિલીપ ખેડકરને 18 જુલાઈના રોજ તેની ખોટી ઓળખ

...અનુસંધાન પાના 11 પર

તા. ૩૧-૦૭-૨૦૨૪નું વડોદરા શહેરનું

### હવામાન

| વરસાદ (૧૮.00 કલાક સુધી) | આજનો | મોસમનો |
|---|---|---|
| | 00.00 મીમી | 000.00 મીમી |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | 00.00 સે. | 00.00સે. | 00% |